બાપુ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી દ્વારા રસપ્રદ વેબીનાર યોજાયો



ગાંધીનગર, તા.૧૩

બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસ લોકડાઉન ના સમય નો ઉપયોગ ટેકનોલોજી ના માધ્યમ થી તેમની વિવિધ સંસ્થાઓ મા અલગ અલગ પ્રકાર ના વિબિનાર યોજી કેમ્પસ મા અભ્યાસ કરતા વિદ્યાર્થિઓમા બાહય જ્ઞાન તથા અભ્યાસકિય જ્ઞાન મા સતત વધારો કરી રહિયુ છે.આ સંદર્ભમા શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી ના ઇ.સી.ડિપાર્ટ્મેંટ અને જી.ટી.યુ. ઈનોવેશન કાઉન્સિલ ના સંયુક્ત સહિયોગ થી ''ડેવલોપિંગ એન્ટ્રપ્રિન્યોરશિપ માઈન્ડસેટ એટ ઈન્સ્ટિટ્યૂટ લેવલ એન્ડ ક્રિએટીંગ ઈનોવેશન કલ્ચર '' વિષય પર વેબીનાર યોજયો હતો.

આ વેબિનાર મા મુખ્ય વક્તા તરીકે જી.ટી.યુ. ઈનોવેશન કાઉન્સિલ ના ઓનરેબલ ડારેક્ટર ડો. સંજય ચૌહાણ ઉપસ્થિત રહી વિદ્યાર્થિઓને પોતાની આગવી સરળ શૈલી મા અને ખુબજ સાહજિકતા થી ઈનોવેશન નો ખ્યાલ અને એન્ટ્રપ્રિન્યોરશિપ માઈન્ડસેટ વિકસાવવાની ટીપ્સ આપી હતી.વેબિનાર ના અંત મા વેબ ચેટ ના માધ્યમ પ્રશ્નોતરી થઈ હતી જેમા વિદ્યાર્થિઓમા ના દરેક પ્રશ્નો નુ નિરાકરણ લાવવામા આવ્યુ હતુ.

ગુગલ મિટ દ્વારા યોજાયેલા આ વેબિનારમાં ગુજરાત ની વિવિધ સંસ્થાઓ માથી ૧૨૦ જેટલા વિદ્યાર્થિઓએ અને પ્રાધ્યાપકો ભાગ લિધો હતો. ઈ-લર્નિંગ ના માધ્યમ થી યોજાયેલા આ કાર્યક્રમ નુ આયોજન અને સંચાલન કોલેજ ના ઇ.સી ડિપાર્ટ્મેંટ ના એચ.ઓ.ડી. પ્રો.પ્રતિક પટેલ અને પ્રો. પ્રો.જીગર શાહ દ્વારા કરવામા આવ્યુ હતુ.

આ કાર્યક્રમ ના સફળ આયોજન બદલ કેમ્પસ ના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, ભરતસિંહ વાઘેલા સંસ્થાના ડાયરેક્ટર પ્રો. રવિ કુમાર અને કોલેજના પ્રિન્સીપાલ ડૉ. કિંજલ અધવર્યુ તથા સમગ્ર સ્ટાફે ઇ.સી ડિપાર્ટ્મેંટ ના સમગ્ર સ્ટાફને અને જી.ટી.યુ. ઈનોવેશન કાઉન્સિલ ની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

'એન્ટરપ્રિન્યોરશીપ ઈન ધી ન્યૂ નોર્મલ' વિષયે ગણપત યુનિવર્સિટીમાં વેબીનારના યોજાયો

દેશ વિદેશના ૩૫ જેટલાં શહેરોમાંથી કુલ ૨૦૦ જેટલા ઊભરતા સાહસિકો, વિદ્યાર્થીઓ, વાલીઓ અને નિષ્ણાતો ઓનલાઈન ઉપસ્થિત રહ્યા

ગણપત વિદ્યાનગર,તા. ૧૩

ગણપત યુનિવર્સિટી 'સેન્ટર ફોર એન્ટરપ્રિન્યોરશીપ' દ્વારા એક 'ધી વર્લ્ડ ઓફ એન્ટરપ્રિન્યોરશીપ વેબીનાર સિરીઝ' નામે ઉપક્રમનો આરંભ કરવામાં આવ્યો હતો. આ સિરીઝમાં પ્રથમ વેબીનારનું ૯મી મેના રોજ 'ઓનલાઈન' આયોજન થયું હતું. જેમાં કેન્દ્રવર્તી વિચાર હતો - 'એન્ટરપ્રિન્યોરશીપ ઈન ધ ન્યુ નોર્મલ.'

એવું માનવામાં આવે છે કે એન્ટરપ્રિન્યોર્સ (ઉદ્યોગ સાહસિકો) દ્વારા એમના બિઝનેશ આઈડિયાને 'ઝીરોથી એક' - ના સ્તરે સફળતાપૂર્વક લઈ જઈ પોતાના સાહસને આગળ વધારતા જાય છે, આ વાતથી પ્રેરાઈને ગણપત યુનિવર્સિટીના 'સેન્ટર ફોર એન્ટર પ્રિન્યોરશીપે' આ વેબીનારનું આયોજન કર્યું હતું. આવા 'ચેન્જ મેકર્સ' એન્ટરપ્રિન્યોર્સની સફળતાથી યાત્રાની ઉજવણીનો પણ એક હેતુ આ ટોક વેબીનારના આયોજન પાછળ હતું. જેથી પોતપોતાના ઉદ્યોગક્ષેત્રે પોતાના ઉદ્યોગ-સાહસ દ્વારા ખળભળાટ મચાવી - સૌનું ધ્યાન ખેંચનાર ઉદ્યોગ સાહસિકો લિડર્સને બિરદાવી પણ શકાય.

જે ઉદ્યોગસાહસિકોએ પોતાનું સાહસ સફળતાપૂર્વક પાર પાડ્યું છે. એવા અનુભવી લોકો સાથે સંપર્કની નેટવર્ક સ્થાપવાની તક નવા એન્ટરપ્રિન્યોર્સ અને સ્ટુડન્સને મળી રહે એ પણ વેબીનારનો એક આશય હતો.

અગ્રણી ઉદ્યોગસાહસિક અને બકેરી ઈન્ડસ્ટ્રી અને ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા. લિ.ના મેનેજીંગ ડિરેકટર પવન બકેરી આ ઓનલાઈન ઈવેન્ટ વેબીનારમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને કોઈ એન્ટરપ્રાઈઝનું સફળ સંચાલન કેમ કરવું એના વિષે પોતાનું નિષ્ણાંત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

ગાંધીનગર જિલ્લાનો ગજ્જર મીત ઓનલાઈન સ્પર્ધાઓમાં વિજેતા

ગાંધીનગર, તા. ૧૩

તાજેતરમાં 'ઘરે રહો, સુરક્ષિત રહો' લોકડાઉનના સમયગાળા દરમિયાન 'યુકે, માન્ચેસ્ટર' સ્થિર દાતા પ્રકાશભાઈ ગાંગાણીના આર્થિક સહયોગથી જિલ્લા શિક્ષણ સમિતિ દેવભૂમિ દ્વારકા સંચાલિત કન્યા શાળા ભાણવડ દ્વારા આયોજિત વિવિધ ઓનલાઈન વીડિયો કોમ્પિટીશન યોજાયેલી હતી. જેમાં રાજયની વિવિધ સરકારી અને ખાનગી શાળાના વિદ્યાર્થીઓએ હર્ષભેર ભાગ લીધો હતો.

આ ઓનલાઈન સ્પર્ધાઓમાં ગાંધીનગર જિલ્લાની સહયોગ વિદ્યાલયના ગજ્જર મીત ધર્મેશકુમારે બાળગીત હરિફાઈમાં પ્રથમ, લોકગીત હરિફાઈમાં બીજા તથા ભજન હરિફાઈમાં ત્રીજો નંબર મેળવી રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્રો મેળવ્યા હતા.

બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે 'આર-પ્રોગ્રામિંગ' વિષય પર ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનો પ્રારંભ



ગાંધીનગર, તા. ૧૩

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા વિદ્યાલય ના ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ડિપાર્ટમેન્ટ તથા સ્પોકન ટ્યુટોરીઅલ I.I.T (Indian Institute of Technology) મુંબઈ ના સંયુક્ત ઉપક્રમે ઈ પ્રોગ્રામિંગ વિષય પર તા:૧૧/૦૫/૨૦૨૦ ના રોજ ૬ દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ નો પ્રારંભ કરવામાં આવ્યો હતો.જેનો મૂળભૂત ઉદ્દેશ્ય સમગ્ર દેશ માંથી ભાગ લઈ રહેલા ૨૬૦ થી વધુ અધ્યાપકોને ઈ લેન્ગવેજ બેઝિક્સ,ઓનલાઈન રીસોર્સીસ એક્સેસ , ઈ લેન્ગવેજ વર્કસ્પેસ માટે નવા ફંકશન પેકેજીસ,ઈમ્પોર્ટ ડેટા સેટ મેનિપ્યુલેશન એન્ડ સમરાઈઝેશન,હાઈપોથિસિસ ટેસ્ટિંગ,સ્ટેટેસ્ટિકલ ટેસ્ટિંગ તથા ઈ પ્રોગ્રામીંગ વિઝ્યુઅલાઈઝેશન વિષે માહિતગાર કરવાનો છે.આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ચારુતર વિદ્યામંડળ ના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલ,સંસ્થા ના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલ તથા ડૉ.કેયુર બ્રહ્મભટ્ટ (હેડ,આઈ.ટી એન્જી.) ઓનલાઈન ગુગલ મીટ પ્લેટફોર્મ દ્વારા ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલે જણાવ્યું હતું કે વર્તમાન પરિસ્થિતિ માં COVID-19 ને અનુલક્ષીને ઓનલાઈન લર્નિંગ પાયાની જરૂરિયાત છે તથા રાષ્ટ્રના ઘડતર માં શિક્ષણ ખુબ અગત્ય નો ભાગ ભજવે છે.આ ઉપરાંત તેમણે અધ્યાપકો ને ઉપરોક્ત ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ માં મહત્તમ ટેકિનકલ લર્નિંગ થી રિર્સચ માટે શુભેચ્છા પાઠવી હતી તથા બીવીએમ ને ઈ પ્રોગ્રામિંગ વિષય પર ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ માટે અભિનંદન પાઠવ્યા હતા.

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા શારીરિક તંદુરસ્તી અને માનસિક સુખાકારી વિષય પર વેબીનાર

ગાંધીનગર, તા.૧૩

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ગાંધીનગરના સહયોગથી રાજયના શિક્ષણ વિભાગ દ્વારા હાલમાં કોરોના સંકટ સમયમાં કાર્યરત જ્ઞાન યજ્ઞ ઉપક્રમ હેઠળ દિ. ૧૨/૦૫/૨૦૨૦ ના રોજ 'શારીરિક તંદુરસ્તી અને માનસિક સુખાકારી' વિષય પર સોશિયલ મિડીયાના માધ્યમથી પરિસંવાદ યોજાયો હતો.

આ પરિસંવાદ મા. શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તથા મા. રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રા.ક. મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ ના માર્ગદર્શન હેઠળ શ્રી સી.વી.સોમ, અગ્ર સચિવશ્રી, શ્રીમતિ અંજુ શર્મા, અગ્રસચિવશ્રી તથા યુનિવર્સિટીના મા. કુલપતિશ્રી ડૉ. અર્જુનસિંહ રાણાના નેતૃત્વ હેઠળ સંપન્ન થયેલ. આ પરિસંવાદમા વિષય નિષ્ણાંત તરીકે ડૉ. ભાગવતસિંહ વનાર, શારીરિક શિક્ષણ નિયામક, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ તથા સુપ્રસિદ્ધ લેખક તથા જાણીતાં મનોવૈજ્ઞાનિક ડૉ. પ્રશાંત ભિમાણી દ્વારા રાજયના વિવિધ યુનિવર્સિટીના મા. કુલપતિશ્રીઓ, પ્રાધ્યાપકશ્રીઓ, વિદ્યાર્થીઓ સહિત વિષય રસ ધરાવતા અન્ય પ્રબુદ્ધ નાગરિકોએ બહોળી સંખ્યામાં ફેસબુક તથા યુ-ટ્યુબ સહિત વિવિધ સોશિયલ મિડીયાના માધ્યમથી સાંપ્રત સમયના કોરોના સંકટ અને લોકડાઉન પરિસ્થિતિમાં પોતાના વિસ્તૃત જ્ઞાન દ્વારા વિષયનું રસપાન કરાવેલ.

શારીરિક તંદુરસ્તી વિષય પર જણાવતાં ડૉ. ભાગવતસિંહ વનારે હાલમાં જ્યારે આળસ, થાક અને તણાવનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે શારીરિક પ્રકૃતિ અને ક્ષમતા અનુસાર નિયમિત વ્યાયામ દ્વારા કોરોના સંક્રમણને અટકાવી ખેલાડીઓ તથા વિદ્યાર્થીઓને તેઓએ ભૂતકાળમાં અથાક પરિશ્રમથી પ્રાપ્ત કરેલ શારીરિક ક્ષમતા ટકાવી તેનો વધુ વિકાસ કરવા સંદેશ આપ્યો હતો. જ્યારે જાણીતાં મનોવૈજ્ઞાનિક ડૉ. પ્રશાંત ભીમાણીએ હાલમાં સમગ્ર વિશ્વ જનસમુદાય સમક્ષના માનસિક પડકારોની સમજ આપી અને વિવિધ ગતિવિધિઓ જેવી કે આત્મ-વિશ્લેષણ, પર્યાવરણ અને પ્રકૃતિ સાથે સંતુલન, મનોવૈજ્ઞાનિક સ્વાયત્તતા, સકારાત્મક સંબંધોનો વિકાસ અને સ્વીકાર તથા આત્મ-ઓળખ દ્વારા માનસિક સુખાકારી વધારવા જોર આપ્યું હતું.

રક્તદાન-મહાદાન

કોરોના સંકટ વચ્ચે રાધે સ્વિટ્સ્ પરિવારના ચાર સભ્યોએ રક્તદાન કર્યું હતું. જેમાં શ્રદ્ધાદીપ બ્લડ બેંકના મહેન્દ્ર ગજ્જર અને સ્ટાફે સુચારું રુપે વ્યવસ્થા કરી હતી.

પૂજન ડાન્સ એકેડેમી દ્વારા નિ:શુલ્ક ઓનલાઈન ડાન્સ વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા. ૧૨

સમગ્ર શહેર હાલ લોક ડાઉન નું પાલન કરી રહ્યું છે.નાના થી લઈ મોટા દરેક કોરોના ને લઈ ને સજાગ છે.આમ તો આ મે મહિનો બાળકો ના વેકેશન નો છે અને આ વેકેશનમાં માતા-પિતા બાળકોને ઈત્તર પ્રવૃત્તિ ના ક્લાસીસમાં અચૂકથી મૂકતા હોય છે જેથી વેકેશનમાં બાળકો પોતાને મનગમતી પ્રવૃતિઓ ને પણ સમય આપી શકે પરંતુ હાલ લોક ડાઉન ને કારણે કાઈ પણ શક્ય નથી. ત્યારે શહેરના પૂજન ડાન્સ એકેડેમીના સંચાલક પ્રજ્ઞાબેન ગજ્જર દ્વારા લોક ડાઉન ને ધ્યાનમાં લઈ ને પોતાની યુ ટ્યુબ ચેનલ બનાવી દર અઠવાડિયે એક વીડિયો અપલોડ કરી એકેડેમી ના વિદ્યાર્થીઓ માટે અલગ અલગ પ્રકારના ડાન્સ ની તાલીમ આપવામાં આવી રહી છે. આ ઉપરાંત તેમના દ્વારા પાંચ વર્ષ કે તેથી વધુ વયના દરેક માટે ૧૫મી મે થી ઓનલાઈન ડાન્સ ક્લાસિસ શરૂ થવાના છે.

શહેરના પૂજન ડાન્સ એકેડેમીના સંચાલક પ્રજ્ઞા બેન ગજ્જર જણાવે છે કે, જેવું લોક ડાઉન શરૂ થયું અને લાગ્યું કે હમણાં ડાન્સ ક્લાસ લઈ શકાય તેવી પરિસ્થિતિ નથી ત્યારે સૌ પ્રથમ તો મેં પોતાની યુ ટ્યુબ ચેનલ બનાવી જેમાં દર અઠવાડિયે એક વીડિયો અપલોડ કરીએ છીએ.ત્યારબાદ પૂજન ડાન્સ એકેડેમી ના વિદ્યાર્થીઓ માટે મારા સહ કોર્યોગ્રાફર દ્વારા ડાન્સનો વીડિયો બનાવીને અલગ અલગ ટાસ્ક આપવામાં આવે છે આ રીતે બાળકોને થોડો સમય એક્ટિવ રાખીને પરેન્ટસ પણ થોડા ફ્રી રહે છે.આજકાલના બાળકો ને ધીરજ પણ ઓછી છે જેથી તેઓ જલ્દી કંટાળી જાય છે ડાન્સ, યોગા, એરોબિક્સ,ઝુમ્બા જેવી એક્સરસાઈઝ થી તેઓ રિલેક્સ રહે છે.લોક ડાઉન દરમિયાન અમે ફેસબુક પર પણ લાઈવ ક્લાસ લીધા જેમાં ગાંધીનગરના તમામ બાળકોથી લઈને યુવાનો માતાઓ અને વડીલો પણ જોડાયા હતા અને દરેકની રિક્વેસ્ટ આવી છે કે ઓનલાઈન ડાન્સ ક્લાસ દરરોજ કરવામાં આવે આ બાબતને ધ્યાનમાં લઈને પૂજન ડાન્સ એકેડેમી દ્વારા

તા.૧૫ મે થી ૨૨ મે સુધી નિ:શુલ્ક ડાન્સ વર્ક શોપ શરૂ થનાર છે.જેમાં ફ્રી સ્ટાઈલ ડાન્સ, અને બોલીવુડ ડાન્સ ની બેચ સાંજે અને ઝૂમબા, એરોબિક્સ અને યોગા ની બેચ સવારે રાખવામાં આવી છે.આ વર્કશોપ માં નગર તથા હાલ નગરની બહાર વસવાટ કરતા ઁ તમામ ભાગ લઈ શકે છે. ભાગ લેનાર ઇચ્છુક દરેકે ૯૯૦૪૨ ૫૧૬૫૧ નંબર પર સંપર્ક કરી રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

પ્રકૃતિને ચિત્ર દ્વારા કાગળ પર ઉતારતી પ્રકૃતિ...

શોખ અને કલા બને જ્યારે એક થાય ત્યારે એક કલાકારનો ઉદય થાય છે. રાંધેજા ખાતે સિદ્ધેશ્વરી સોસાયટીમાં રહેતી પ્રકૃતિ પટેલ ચિત્ર કલા દ્વારા મનમોહક ચિત્રો બનાવી રહી છે. સ્વામિનારાયણ ગુરુકુળ સેકટર -૨૨ ખાતે ધોરણ-૭માં અભ્યાસ કરતી આ નાનકડી પ્રકૃતિને ચિત્રનો ખુબ જ શોખ છે. ચિત્રના શોખ સાથે કુકિંગ, સાયકલિંગ અને જોગીંગ નો પણ શોખ છે. પિતા નરેન્દ્રભાઈ પટેલ કે જેઓ સેકટર-૭ સ્થિત પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં અંગ્રેજી વિષયનાં પ્રોફેસર છે તેમનું પૂરેપૂરું માર્ગદર્શન દીકરી પ્રકૃતિને મળે છે. પેન્સિલ વર્ક, ઓઈલ પેઈન્ટિંગ કેનવાસ પેઈન્ટિંગ, વોલ પેઈન્ટિંગ,તો કરે છે સાથે કાફટનો પણ શોખ છે. ઘરની દીવાલો પર પોતાના દોરેલા કાર્ટૂન કેરેક્ટર ચિત્રો થી સજાવટ કરી છે. નાનકડી પ્રકૃતિ પોતાની ચિત્રકલાથી સુંદર પ્રકૃતિનું સર્જન કર્યું છે.

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા કિંગ્સબરી, લંડનમાં ઈકો ફ્રેન્ડલી સેવાયજ્ઞ

ગાંધીનગર, તા. ૧૩

શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીજી મહારાજની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર, કિંગ્સબરી, ઈકોફ્રેન્ડલી લંડન દ્વારા કોવીડ-૧૯ ની વૈશ્વિક મહામારીનું સંકટ ઊભું થયું છે ત્યારે જરૂરિયાત મંદોને મોટી માત્રામાં ફૂડ અને અન્ય સામગ્રીની રાહત સહાય માટે વિતરણ કરવામાં આવી રહ્યું છે.

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા ફૂડની વસ્તુઓ બેબી ફુડ, બેબીનેપી, ટોઈલેટરી વસ્તુઓ સંસ્થાના વાલીનીટીયસ ભાઈઓ,બહેનો ,યુવકો ,યુવતીઓ લોકડાઉનમાં પોતાના શરીરની પરવા કર્યા સિવાય ડોક્ટર , નર્સ સાથેના સંપર્કમાં રહી ગાઈસ હોસ્પિટલ, સેંટ થોમસ હોસ્પિટલ, નોર્થ વીક પાર્ક હોસ્પિટલઅને ધી વીથીંગટન હોસ્પિટલના જરૂરિયાત મંદને ફુડ અને બીજી જરૂરિયાતવાળી વસ્તુઓ ની સહાય પૂરી પાડવામાં આવી રહી છે. એક અઠવાડિયાની ત્રણ હજાર ઉપરાંત પાઉન્ડની જરૂરી વસ્તુઓ નીચેની હોસ્પિટલોને પૂરી પાડવામાં આવે છે. ગાઈસ હોસ્પિટલ, સેંટ થોમસ હોસ્પિટલ, નોર્થ વીક પાર્ક હોસ્પિટલ, વીટિંગટન હોસ્પિટલ, એમ એચ એ રિવરવ્યુ લોજ, નાઈટ કોર્ટ કેર હોમ, કાર્ટ લોન રોડ કેર હોમ, કોલેજ રોડ કેર હોમ, સેંટ લ્યુકસ હોસપાઈસ, લોકલ રેસીડેન્સી, યુ એકસડન મનોર સ્કુલ, કી વર્કર હાઉસહોલ્ડ, દેસી ઢાબા, બ્રિજ પાર્ક ડીસ્ટ્રીબ્યુશન હબ, બ્રેન્ટ કાઉન્સિલ વિગેરે. અત્યાર સુધીમાં રાહત સહાય માં આપેલ ચીજવસ્તુઓ સીરીયલ સીરીયલબાર, પાસ્તા નૂડલ્સ, હોટ મીલ, નાન, બ્રેડ , રોટી , ભારતી નાસ્તો , સમોસા , ઢોકળા , ચા , કોફી , વેફર , તાજાં ફળો, કેક , બેબી નેપીસ, બેબી ફુડ, બેબી વાઈપ્સ, માસ્ક, સેનેટાઈઝર, સફાઈ સાધનો વિગેરેનું વિતરણ કરવામાં આવ્યું છે તેમ સંસ્થાના ટ્રસ્ટી શ્રી મહેશભાઈ વરસાણી લંડનથી જણાવ્યું છે.

ડાયરેક્ટ સે

મારા વગર અટકી પડશે... એવું કહેનારાઓથી કબ્રસ્તાનો ભરચક છે...

જન્મદિને વધામણી

કુંતલ નિમાવત
ગ્રાફીક ડિઝાઈનર, એક્ટર, ડિરેક્ટર, સભ્ય રેડક્રોસ ગાંધીનગર
મો. ૯૮૨૪૫ ૧૦૧૪૫

જય કમલેશભાઈ ત્રિવેદી
મો. ૭૮૭૪૬ ૮૩૧૨૬

શિવલાલ જે સોલંકી
મો. ૯૪૨૯૦ ૨૭૮૨૨

ટિકેન્દ્ર હિતલ પારેખ
મો. ૯૯૯૮૮ ૧૬૪૦૬

નયના જે શાહ
મો. ૯૭૨૩૭ ૪૮૯૭૪

અશોક ભોગીલાલ ત્રિવેદી
રિટાયર્ડ આઈટીઆઈ પ્રિન્સિપાલ
મો. ૯૮૭૯૮ ૮૩૧૧૪



દેવ પ્રકાશકુમાર બારોટ
મો. ૯૪૨૬૩ ૫૨૭૯૨

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક